જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૮/૧૨/૨૦૧૫ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૫૩૦/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૬ કેસ કરી ૨૫ વ્યક્તિઓને ઝડપી ૩૪૧ લીટર દેશી દારૂ, ૫૪૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૭૮ બિયર ટીન, એક કાર અને એક સ્કૂટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૬,૨૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૫૩૧/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૫૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**બળાત્કારની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૨૫૩૨/૧૫**

**ખોખરાઃ** મણીનગર પુર્વ વિસ્તારમાં રહેતી ૩૪ વર્ષની પરણીતાએ તા.૧૬/૧૨/૧૫ નારોજ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૮/૧૪ થી તા.૮/૭/૧૫ સુધીના સમયગાળા દરમ્યાન દહેરાદુન આર્મીમાં નોકરી કરતા આરોપી સંદિપ કિન્હા એ પરણીતાને લગ્ન કરવાની લાલચ આપી પરણીતાની મરજી વિરૂધ્ધ પરણીતાના ઘરે અવાર-નવાર શરીર સંબંધ બાંધી લગ્ન નહી કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ પી પટેલ ચલાવે છે.

**અપહરણની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૨૫૩૩/૧૫**

**ચાંદખેડાઃ** સપનાબહેન ડાહ્યાજી ઠાકોર (ઉ.વ.૧૫)(રહે.હુડકોના મકાન બંગલા તલાવડી ચાંદખેડા) ને તા.૧૪/૧૨/૧૫ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીક રહેતો આરોપી કિરણ નારણભાઈ મરાઠી ઘર નજીકથી લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઈરાદે ભગાડી લઈ ગયો છે. આ અંગેની ફરીયાદ સપનાબહેનની માતા મંજુલાબહેન ઠાકોરે તા.૧૭/૧૨/૧૫ નારોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર એમ દવે ચલાવે છે.

**વટવાઃ** સંગીતાબહેન શિવશંકરસિહ કુર્મી (ઉ.વ.૧૪) (રહે.ધનપાલેશ્વર સોસાયટી વિઝોલ ક્રોસીંગ પાસે વટવા) ને તા.૨૫/૧૧/૧૫ બપોરના ૧/૩૦ વાગ્યાના સુમારે ઘર નજીક રહેતો આરોપી સુરેન્દ્ર મુકેશભાઈ રાઠોડ ઘર નજીકથી લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઈરાદે ભગાડી લઈ ગયો છે. આ અંગેની ફરીયાદ સંગીતાબહેનના પિતા શિવશંકરસિહ કુર્મીએ તા.૧૭/૧૨/૧૫ નારોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી પી બી રાણા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ગોમતીપુરઃ** નરેશભાઈ મગનભાઈ પરમાર (રહે.વિકાસનગર સોસાયટી એ.ઈ.સી.ની બાજુમાં અમરાઈવાડી) એ ગોમતીપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૧૨/૧૫ સવારના ૭/૦૦ થી બપોરના ૧૨/૦૦ વાગ્યા દરમ્યાન ગોમતીપુર સ્વામિનારાયણ વિદ્યાલય નજીકથી પોતાની પુત્રી હીરલ (ઉ.વ.૧૬) ને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જે ડી ડાંગરવાલા ચલાવે છે.

<u>છેતરપીંડીઃ-</u> <u>સમાચાર યાદી નં.૨૫૩૪/૧૫</u>

**ક્રાઇમ બ્રાંચઃ** મહેશભાઇ સન્મુખભાઇ મિસ્ત્રી (ઉ.વ.૫૦) (રહે. મહેશ નરેશ સોસાયટી, કેડીલા લેબોરેટરી સામે, ઘોડાસર) એ તા.૧૭/૧૨/૧૫ નારોજ ક્રાઇમ બ્રાંચ ખાતે ફરીયાદ નોધાવી છે કે દોઢેક માસ પહેલાથી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) માર્થા લુઇસ (ફેસબુક આઇડી ૧૦૦૦૦૪૭૪૮૫૦૭૫૦૭) (૨) મોનીકા શર્મા મોબાઈલ નંબર ૮૧૩૦૨૫૬૦૬૩ (૩) જહોન એરીક મોબાઈલ નંબર ૯૮૧૦૭૩૫૩૦૩ અને (૪) કોફી ફેવર બ્રાઇટ મોબાઈલ નંબર ૯૮૨૧૪૦૬૨૩૩ એ ભેગામળી મહેશભાઇ મિસ્ત્રીને આરોપી માર્થા લુઇસે ફેસબુક પ્રોફાઇલમા ફ્રેન્ડ બનાવી બાયોજેનીક સીડસ ખરીદી તેને આપવાથી તે મહેશભાઈને ૩૦% કમિશન આપશે તેવો વિશ્વાસ આપી તેના મળતીયાઓ મોનીકા શર્માને સીડસ વેચનાર અને કોફી ફેવર બ્રાઇટને માલ ખરીદનાર તરીકે મહેશભાઈ સમક્ષ મોકલી મહેશભાઈએ રૂપિયા ૭,૪૦,૦૦૦/- ના ૧૦ પેકેટ સીડસ ખરીદતા મહેશભાઈને ૫૦ પેકેટ સીડસ ખરીદવા જણાવી વિશ્વાસમાં લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી તેમજ ઈન્ટરનેટનો દુરઉપયોગ કરી રૂપિયા ૬,૬૬,૦૦૦/- નું નુકશાન કર્યુ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી કે.આઇ.મોદી ચલાવે છે.

**કાલુપુરઃ** મોહસીનખાન નાસીરખાન પઠાણ (રહે.મીરઘાવાડ બેરીંગ ગલી કાલુપુર) એ તા.૧૭/૧૨/૧૫ નારોજ કાલુપુર પોલીસ સ્ટેશન ફરીયાદ નોધાવી છે કે તા.૧૯/૬/૧૪ થી તા.૧૭/૭/૧૪ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી ખાલીદભાઈ એહમદભાઈ મીરા (રહે.વટવા બાપેસરા કુવા મસ્જીદની સામે ભાવનગર) કાલુપુર મીરઘાવાડ સ્ટાર ટ્રેડર્સ ગણેશ ચેમ્બર્સ દુકાન નંબર-૧ થી પેન્ટનુ કાચુ કાપડ કિમત રૂપિયા ૧૨,૫૩,૪૫૪/- ખરીદ કરી લઈ ગયો હતો. જે નાણાની મોહસીનખાને ઉઘરાણી કરતા જાનથી મારી નાખવાની ધમકી આપી છે તેમજ નાણા નહી ચુકવી છેતરપીડી અને વિશ્વાસઘાત કર્યો છે. તેમજ આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર ડી મકવાણા ચલાવે છે.

<u>ઘરફોડઃ-</u> <u>સમાચાર યાદી નં.૨૫૩૫/૧૫</u>

**સોલા હાઈકોર્ટઃ** ગૌરાંગભાઈ પ્રવિણભાઈ મણીયાર (રહે.આમ્રકુંજ એપાર્ટમેન્ટ સોનલ ચાર રસ્તા પાસે ગુરૂકુળ રોડ મેમનગર) એ તા.૧૭/૧૨/૧૫ નારોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૧૨/૧૫ રાતના ૧૧/૦૦ થી તા.૧૬/૧૨/૧૫ સવારના ૭/૦૦ વાગ્યા દરમ્યાન સત્તાધાર ચાર રસ્તા દેવ આશિષ સોપીંગ સેન્ટર ખાતે આવેલ પોતાની દુકાન નંબર-૩ ના દરવાજાના શટરનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી કાઉન્ટર ખોલી રોકડ રૂપિયા આશરે ૭૦,૦૦૦/- થી ૮૦,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એચ કે શ્રીમાળી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૫૩૬/૧૫**

**રખીયાલઃ** અવચંદભાઈ મગનભાઈ સોલંકી (ઉ.વ.૫૫) (રહે.વિશ્વાસપાર્ક સુર્યલોક સોસાયટી પાસે રખિયાલ) એ તા.૧૭/૧૨/૧૫ નારોજ રખિયાલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૧૨/૧૫ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે તિજોરીના તાળા રિપેરીંગ કરનાર અજાણ્યા બે સરદારજી જેવા ઈસમોને અવચંદભાઈને તિજોરીના તાળા રિપેરીંગ કરવા માટે બોલાવ્યા હતા. બન્ને સરદારજી જેવા લાગતા ઈસમો અવચંદભાઈની નજર ચુકવી તિજોરીમાંથી સોનાચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૨૬,૦૦૦/- મળી કુલ રૂપિયા ૭૭,૦૦૦/- મતા ચોરી કરી લઈ પલાયન થઈ ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે જે ચૌધરી ચલાવે છે.

**ઘાટલોડીયાઃ** ભવાનીસીંગ દેવીસિંગ રાજપુરોહીત (રહે. લક્ષ્મીકૃપા એપાર્ટમેન્ટ પારસનગર સોલા રોડ ઘાટલોડીયા) એ તા.૧૭/૧૨/૧૫ નારોજ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા ૧૬/૧૨/૧૫ના સવારના ૧૦/૦૦ થી સાંજના ૭/૩૦ વાગ્યા દરમ્યાન ભવાનીસીંગના ઘરે નોકરી કરતો આરોપી સંજય ભોગીલાલ સાખીયા (રહે. હરીદ્વાર એપાર્ટમેન્ટ ભૈરવનાથ ક્રોસ રોડ મણીનગર) ભવાનીસિંગના ઘરેથી બજાજ કંપનીનુ ડીસ્કવર મોટર સાયકલ નંબર જીજે ૧ બીઆર ૬૨૦૬ કિમત રૂપિયા ૩૦,૦૦૦/-, ડેલ કંપનીનુ લેપટોપ કિમત રૂપિયા ૨૫,૦૦૦/-, સોનાના દાગીના કિમત રૂપિયા ૭૫,૦૦૦/- અને રોકડ રૂપિયા ૨૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૫૫,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગયો છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે જે ચૌધરી ચલાવે છે

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૫૩૭/૧૫**

**રામોલઃ** ઉદયભાઈ શ્રીશુકનભાઈ બેઢા (રહે.શ્રી હરિ બંગલોઝ વ્રજવિહાર ફ્લેટની બાજુમાં વસ્ત્રાલ) એ તા.૧૪/૧૨/૧૫ રાતના ૧૧/૦૦ વાગે રહેણાંક નજીક પોતાની બોલેરો ગાડી નંબર જીજે ૫ જેઆર ૮૨૫૭ કિમત રૂપિયા ૪,૫૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૧૫/૧૨/૧૫ કલાક ૬/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ ઉદયભાઈ બેઢાએ તા.૧૭/૧૨/૧૫ નારોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી ડી સોલંકી ચલાવે છે.

**દાઝી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૨૫૩૮/૧૫**

**સોલા હાઈકોર્ટઃ** નયનાબહેન જગદીશભાઈ મકવાણા (રહે.વસંતનગર ટાઉનશીપ ગોતા) તા.૧૧/૧૨/૧૫ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગેસની સગડી ઉપર પાણી ગરમ કરવા સારૂં દીવસળીથી સગડી સળગાવતા ભડકો થતા નયનાબહેન દાઝી ગયા હતા. સારવાર માટે સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં તા.૧૭/૧૨/૧૫ કલાક ૫/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ આર મેઘાણી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)